# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




સમાજ, દુષ્કર્મનું તો જાણે વતન થઇ ગયુ છે,
ચોદિશે છે એ જ સમાચાર, પતન થઇ ગયું છે,
ખતમ થઇ ગયું છે મૂલ્યો અને મર્યાદાનું રાજ -
ગુન્હા ને ગુન્હેગારોનું અહીં જતન થઇ રહ્યું છે.




આપે ચૂકાદા!
ડરે ન્યાયની દેવ -
દહીં ન દૂધ!!
(બધા ગુન્હેગાર?-તો ન્યાય કેમ?)

દશા ન દિશા!
અટવાયા સાંસદ -
સોમાજી, ગાંડા!
(તો ચૂંટણીમાં ઉભા શું કામ?)

## ચિંતન

**વિદ્વભિઃ સેવિતઃ સદ્ભિર્નિત્યમદ્વેષ રાગિભિઃ ।**
**હૃદયેનાભ્યનુ જ્ઞાતો વા ધર્મસ્તન્નિ બોધત ॥**

'રાગ તથા દ્વેષ વિનાના ઉત્તમ વિદ્વાનોએ જે ધર્મ પાળ્યો છે, તથા હૃદયથી હંમેશાં પ્રમાણ્યો છે, તે જ સાચો ધર્મ છે, તેને સમજો અને જાણો.'

માણસને કેટલીવાર ગડમથલ થાય છે અને મુંઝવણ ભરી પરિસ્થિતિમાં મૂકાય છે શું કરવું ને શું ન કરવું સાચો ધર્મ શું છે?

આવી ગડમથલ શ્રી રાવણને થઇ હતી. પોતાનો તામસી સ્વભાવ અને પાપ કર્મોથી પરિચિત હતો. બળ અને શક્તિ તો હતા જ, જ્ઞાની હતો તેથી રામજન્મ અને તેની પ્રભુતાને પણ જાણી ગયો હતો, તેથી એણે નક્કી કર્યું, 'ભક્તિ ન હોઇ તામસ છે હા!' મારી તામસી વૃત્તિઓથી હું સ્થિર ભક્તિ તો કરી નહીં શકું, માટે એનો વિરોધ કરી મુક્તિ મેળવી લઉં!

દુર્યોધનને પણ આવી જ ગડમથલ થઇ હતી, એણે વિચાર્યું, જાનામિ ધર્મમ્ - જાનામિ અધર્મમ, પણ મારા સ્વભાવને કારણે હું ધર્મને અનુસરી શકીશ નહીં.

અર્જૂનને પણ આવી જ દ્વિધા કુરૂક્ષેત્રમાં અનુભવી. એકબાજુ ક્ષત્રિય ધર્મ અને બીજી બાજુ પરિવારની મમતા - એને ભગવાનનું માર્ગદર્શન મળ્યું.

આવી જીવનની ઢચુ-પચુ ક્ષણોમાં, જયારે દ્વિધા અનુભવાય ત્યારે ઉત્તમ-સજ્જન-સંતોના આદર્શ જીવની અને એમના બોધને અનુસરવું. ઉત્તમ સાધુ-સંતો એ જે જીવનરીતિ આચરણમાં મૂકી છે એ જ સાચો ધર્મ.

## સુવિચાર

- આપણું સર્વસ્ય અર્પણ કરવું એટલે ભક્તિ - **માતાજી**
- આ માયાવી ભવસાગર તરવા ભક્તિ વિના બીજો કોઇ તરાપો નથી- **રણછોડદાસજી મહારાજ**
- ભક્ત, કપટી અને સ્વાર્થી કદાપિ હોઇ ન શકે ભક્ત સ્વભાવે નિર્દોષ જ હોય- **ગુણવંત શાહ**
- જ્ઞાન અને ભક્તિ બંને મહત્ત્વનાં છે, જ્ઞાનથી સાચાં-ખોટાંનો વિવેક મળે છે, ભક્તિથી એમાં રહેલો આનંદ માણી શકાય છે - **માતાજી**
- ભક્તિ વિનાનું જ્ઞાન શુષ્ક થઇ જાય છે, અને ભક્તિ વિનાનું કર્મ નિરસ થઇ જાય છે - **ડો. જયંત પાઠક**
- ભક્તિ વિના જ્ઞાનની પૂર્તિ થતી નથી - **તુકારામ**
- પુરૂષ જ્ઞાનનું અને સ્ત્રી ભક્તિનું પ્રતિક છે, ભક્તિ સામે જ્ઞાનને ઝૂકવું પડે - **મોરારી બાપુ**

## બોધ કથા

આજના નેતાઓને કર્તવ્ય-ફરજ-નિષ્ઠા સાથે સ્નાન-ટુવાલનો કોઇ જ સંબંધ નથી. (સ્નાન સૂતક કહો કે નાહવા-નિચોવવાનો કહો) કારણ કે જે સ્થિતિમાં જે જન્મ્યા છે એ જ પરિસ્થિતિમાં સ્વભાવે આખી જિંદગી જ રહે છે. ટૂંકમાં સમજ્યાને! નાગા જ છે. લોકસભા-રાજસભા-વિધાનસભામાં પ્રજાને ખર્ચે-પ્રજાના કામ માટે જાય છે. સુવિધા-ભથ્થાં પણ લે છે, પણ 'વોક આઉટ'- બહારે 'જલ્સા' કરતા રહે છે.

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદનું બચપણ એમના ફોઇબાને ત્યાં પ્રસાર થયું હતું. ફોઇબા એ જ એમના લાલનપાલન સાથે સંસ્કાર આપ્યા હતા. એટલે બાબુ જયારે રાષ્ટ્રપતિ થયા ત્યારે ફોઇબા 'પણ' રાષ્ટ્રપતિ ભવનમાં જ એમની સાથે માતૃતૂલ્ય પૂજ્ય સ્થાને રહેતાં હતા.

પચ્ચીસ જાન્યુઆરીની એક રાત્રે ફોઇબાની તબિયત બગડી, અંતિમ શ્વાસ ચાલતા હતા. બીજી બાજુ 'ગણતંત્ર દિન'ની ઉવજણીની તૈયારીઓ ચાલુ હતી. 'ભવન'માં જ વિદેશી બે-ત્રણ મહેમાનોના ઉતારા હતા. અને ફોઇબા એ અંતિમ શ્વાસ લીધા.

રાજેન્દ્રબાબુ સવારે બે ઘોડાની બગીમાં બેસી સ્વાતંત્ર્ય સૈનિકોને અંજલિ આપી લાલ કિલ્લાની ઉજવણીમાં ગયા. ત્રણ કલાક સલામી ઝીકી, પરેડ જોઇ, સૌને મળ્યા, કયાંક ચહેરા પરની વેદના પ્રગટ થવા ન દીધી. કર્તવ્ય-ફરજ બજાવતાં રહ્યાં..

કાર્યક્રમ પૂર્ણ થયાં પછી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા. અને ફોઇબાના મૃતદેહ પાસે બેસી ધ્રૂસકે-ધ્રૂસકે રડયાં.

# ગઝલ એ ઊર્મિ કાવ્યનો એક પ્રકાર છે, ગઝલનો શાબ્દિક અર્થ થાય છે "સ્ત્રીની સાથે ઇશ્ક - પ્રણયની વાતો કરવી"

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### ● સમાચાર સેતુ

● ગાંધીનગરના સ્થાનિક સાહિત્યકાર/વક્તાઓના સાહિત્ય વિષયક અને સમાજોપયોગી સંવાદો ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ગોઠવવાનું નક્કી થયું છે, તદ્અનુસાર તા. ૧૩-૧-૨૦૧૨ ને રવિવારના રોજ સાંજના ૪ : ૩૦ કલાકે ''કવિ કાલીદાસ'' વિષય પર, સંસ્કૃતના પ્રાધ્યાપિકા હેમાંગી ઘુઘરાવાલાનું વકતવ્ય, સેકટર-૨૧ ખાતેના નયન એપાર્ટમેન્ટ ખાતે સિનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યાલયમાં રાખવામાં આવ્યું છે તેમાં સર્વે સભ્યશ્રીઓ, સાહિત્યકારો અને ભાવકોને હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

● ગુજરાત સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સવાધ્યાય મંદિરે તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૮-૧-૨૦૧૩ ને મંગળવારે ''સાહિત્ય અને પત્રકાર'' વિષે એક દિવસનો પરસંવાદ યોજાશે.

### ● હાસ્ય તરંગ સેતુ : દાંત કાઢવાથી બોખા ન થવાય

**- અશ્વિનકુમાર એસ. પટેલ**

● ચંદ્રકાન્ત : તમારો શોખ શું છે?
દિલીપસિંહ : ઘોડેસવારી.
ચંદ્રકાન્ત : છેલ્લે, કયારે ઘોડા પર બેઠા હતા?
દિલીપસિંહ : જયારે લગ્ન થયા ત્યારે!

● ભિખારી : સાહેબ, શું તમારૂં પાકીટ ગુમ થઇ ગયું?
ગૌતમ : નહીં, મારૂં પાકીટ મારી પાસે જ છે.
ભિખારી : તો ભગવાનના નામ પર કંઇક દેતા જાવ!

### ● સર્જન સેતુ : ગઝલ એટલે શું ?

**- અશ્વિનકુમાર એસ. પટેલ**

ઉર્દૂ તૂર્કી ભાષાનો શબ્દ છે. ઉર્દૂનો શાબ્દિક અર્થ છે ''લશ્કર અથવા છાવણી બજાર''. ભારતમાં લશ્કરોના પડાવ લાંબા સમય સુધી અને વારંવાર નખાતા. તેથી લશ્કરોમાં વિવિધ લોકોને લીધે અને તેમની ચોતરફ રચતા બજારોમાં એક મિશ્રિત બોલી વાતચીતના માધ્યમ તરીકે રચાઇ. જે સમય જતાં ઉર્દૂ ભાષાના નામથી ઓળખાવા લાગી. ઉર્દૂ ભાષા ફારસી લિપિમાં લખાય છે.

ગઝલ એ ઊર્મિ કાવ્યનો એક પ્રકાર છે. ગઝલનો શાબ્દિક અર્થ થાય છે. ''સ્ત્રીની સાથે ઇશ્ક - પ્રણયની વાતો કરવી.''

શૅર અટલે વાળ. શૅરમાં બે પંક્તિઓ હોય છે. સાહિત્યને જો માશૂક ગણીએ તો શૅર એના વાળની લટો છે. શૅરની પહેલી પંક્તિને મિસ્રા-એ-આલા અને બીજી પંક્તિને મિસ્રા-એ-શાની કહેવામાં આવે છે.

શાયરો જયારે શ્રોતા સમુદાયને પોતાની કૃતિઓ સંભળાવવા માટે એક મંચ ઉપર ભેગા થાય ત્યારે એને મુશાયરો કહેવામાં આવે છે. સાધારણ રીતે મુશાયરા રાત્રે જ યોજાય છે અને ઘણી મોડી રાત સુધી તે ચાલે છે. મુશાયરામાં એક પ્રમુખ નક્કી કરવામાં આવે છે. જેમને ''મીર મુશાયરા'' કે ''મીર મજલીસ'' કહેવામાં આવે છે. મીર એટલે સરદાર. જેનું સ્થાન વચ્ચોવચ હોય છે. પ્રખ્યાત શાયરો મીર મજલીસની પાસે બેસે છે. મજલીસ એટલે સભા. મીર મજલીસ સૌ પ્રથમ પોતાની કૃતિનું વાંચન કરે છે. સુપ્રસિધ્ધ શાયર સૌથી છેવટે પોતાની કૃતિની રજૂઆત કરે છે.

ગઝલના પહેલા શૅરને 'મતલા' કહેવામાં આવે છે
ગઝલના છેલ્લા શૅરને 'મકતા' કહેવામાં આવે છે

ગઝલની શરૂઆત કરતાં પહેલાં કવિ ''મતલા અર્જ હૈ'' કહે છે મતલબ ''હવે હું નમ્રતાપૂર્વક શૅર રજૂ કરૂં છું.'' સભામાંથી બધા બોલે છે, ''ઇરશાદ''. એટલે કે ''ભલે ભલે જરૂર શરૂ કરો.'' છેલ્લો શૅર રજૂ કરતી વખતે શાયરે કહેવું પડે છે, ''મકતા અર્જ હૈ'' મતલબ છેલ્લો શૅર રજું કરૂં છું. શૅરની એક પંક્તિને ''મિસરા'' કહેવામાં આવે છે.

**હિન્દી સાહિત્યમાં જેમ નવ રસ છે તેમ ઉર્દૂમાં છ રસ છે.**
(૧) શૃંગાર (૨) કરૂણ (૩) શાંત (૪) ભયાનક (૫) બીભત્સ અને (૬) હાસ્ય

**ઉર્દૂના પ્રચલિત કાવ્ય પ્રકારો અગિયાર છે.**
(૧) ગઝલ (૨) કસીદા (૩) નાતિયા (૪) મસનવી (૬) મર્સિયા (૬) રૂબાઇ (૭) મુસલ્લસ (૮) મુખમ્મસ (૯) મુસદ્દસ (૧૦) તારીખ (૧૧) નજમ

પ્રત્યેક શૅરમાં દાવા - દલીલ હોય છે. દાવો એટલે પ્રસ્તુતિકરણ અને દલીલ એટલે તે અંગે સમજૂતી આપવામાં આવે છે.

દાવો - બડે શૌક સે સુન રહા થા જમાના
દલીલ - તુમ્હીં સો ગયે દાસ્તાં કહેતે કહેતે
દાવો - ઈસ સાદગી પે કૌન ન મર જાય અય ખુદા
દલીલ - લડતે હૈ ઔર હાથ મેં તલવાર ભીં નહીં

રૂબાઇમાં નીતિ અને ઉપદેશથી સંબંધિત મોટી મોટી અને ગંભીર બાબતો હોય છે. આ ચાર પંક્તિનો છંદ છે. રૂબાઇમાં પહેલી, બીજી અને ચોથી પંક્તિનો પ્રાસ મળવો જોઇએ. તો જ તેને રૂબાઇ કહેવામાં આવે છે. ઉમર ખય્યામની રૂબાઇઓ મશહૂર છે.

દુનિયા કે અલમ, જૌક ઉઠા જાયેંગે, (અલમ : દુઃખ)
હમ કયાં કરે, કયા આયે થે કયા જાયેંગે, (જૌક : આનંદ)
જબ આયે થે, તો રોતે હુએ આપ આયે થે,
અબ જાયેંગે ઔરો કો રૂલા જાયેંગે.

કાફિયા એટલે પ્રાસ બેસાડવો કે પ્રાસ મેળવવો. રદીફ એટલે બધા એકસરખાં શબ્દો જે બદલાતા નથી . કાફિયા પછી જે શબ્દ આવે તેને રફીદ કહેવામાં આવે છે.

ઈશરતે કતરા હૈ દરિયા મેં ફના હો જાના (ઈશરતે : આનંદ)
દર્દ કા હદસે ગુજરના હૈ, દવા હો જાના (કતરા : બુંદ)

અહીં ''ફના'' અને ''દવા'' કાફિયા છે અને ''હા જોના'' રદીફ છે.

### ● આપણે સૌ

ધૂમ્રગોટમાંથી
નગરને કે ટેકરીઓને
જગાડતાં આ રવિકિરણ,
વાદળોથી ભર્યું-ભર્યું નભ,
રંગબેરંગી પુષ્પોને
પ્રગટાવતાં વિધ-વિધ પર્ણો બધાં,
વહેતાં ઝરણાંને
તીરે ગાતાં પારેવડાં;
રમણીનાં અંગ-ઉપાંગને
શણગારતાં જાણે આ
રવિકિરણ - ;
અહાહા કેટલી
મધુરતા -
આલ્હાદ્કતા !
તથો પ્રશ્ન કે
સળગતા ગોળામાંથી પ્રગટતી
કેવી કૂમાશ?
કેટલી ટાઢક?
તો પછી આપણે સૌ જ
શું કામ???

**- અનંત પટેલ**

### ય પીસા

અર્ચના જુલ્મ થકી
મજબુરીમા બોલ્યો અસત્ય
ગેલેલિયો.
સૂર્ય કરે પરિક્રમા પૃથ્વીની
શરમથી ઝૂકી ગયો
પીસાનો મિનારો
કબરમાં પોઢી ગયો ગેલેલિયો
મરકતો
મારા કહેવાથી સૂર્ય થોડો ફરે?
ફરે પૃથ્વી જ તો!

**- પ્રવીણ ગઢવી**

# 'આપણે બીજું તો શું કરી શકીએ? ઈશ્વર પણ એ બહાદુર બાળાને એના ચરણોમાં સ્થાન આપે, એવી અંતઃકરણની આરઝૂ રજૂ કરીને છૂટાં પડીશું

**દૂઝતા ઉઝરડા વાર્તા**

**- કેશુભાઈ દેસાઈ**

મેયર ચંદ્રકાન્ત પટેલ આખો દિવસ ટીવી સામે બેસી રહ્યા. હાઈકમાંડનું વલણ સમજવા માટે એ જરૂરી પણ હતું. બધી ચૅનલો પર ગૅંગરૅપનો શિકાર બનેલી એ અજાણી યુવતીના જ સમાચાર ફ્લૅશ થઈ રહ્યા હતા. ઈન્ડિયા ગૅટ, જંતરમંતર અને રામલીલા મેદાન સહિત રાજધાનીના મહત્વપૂર્ણ વિસ્તારોમાં ૧૪૪ લાગુ કરી દેવાયાં છતાં ટોળાં હટવાનું નામ નહોતાં લેતાં, સિંગાપુરની માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલ પણ એને બચાવી ન શકી, એ જાણીને આખો દેશ વ્યથિત થઈ ગયો હતો. કોણ જાણે એનું ડેડ બૉડી દેશમાં આવશે ત્યારે કેવાં હૃદય વિદારક દશ્યો સરજાશે. કદાચ આખી રાજધાની ભડકે બળવા લાગે. પોલીસ માટે પણ એની કારકિર્દીની ભારે કસોટીનો સમય હતો. આગલા દિવસોમાં એક કૉન્સ્ટેબલ ટોળે વળેલાં છોકરડાંના પથ્થરમારનો ભોગ બની ચૂક્યો હતો. સરકારે લોક જુવાળનાં આગોતરાં એંધાણ પામી જઈ સંયમ પૂર્વક વર્તવાના આદેશ જારી કરી દીધાં હતાં. ભૂલેચૂકે કોઈ આંદોલનકારીને કશું થઈ જશે તો પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહેશે, અને આખી ચળવળ હાર પૂરતી ભલે સ્વયંભૂ લાગતી હોય પણ એને વિરોધપક્ષના ખોળામાં સરકી જતી અટકાવવી અશકય બની જશે.

મેયરે તત્કાળ કોર કમિટીની મિટિંગ બોલાવી. પહેલો ફોન ડેપ્યુટી મેયર સુજાતા પ્રિયદર્શીને કર્યો. શબ્દો ગોઠવી ગોઠવીને બોલવા પડયા : આ દિલ્હીવાળું કમઠાણ તો બહુ ભારે પડી ગયું શું માનો છો? સરકાર વગર વાંકે ગુનેગારના પાંજરામાં આવી ગઈ હોય એવું નથી લાગતું?

સુજાતાએ ઠંડો પ્રતિભાવ આપતાં કહ્યું : સરકારનીય જવાબદારી તો ખરી જ ને વળી! દિલ્હી તો હમણાંથી એકદમ ક્રાઈમ કૅપિટલ બની ગયું છે. લોકોની સહનશક્તિની પણ એક હદ હોય.

મેયરને ચર્ચા આગળ વધારવામાં જોખમ લાગ્યું. એમણે ટૂંકમાં જ પતાવ્યું મને લાગે છે, આપણે નવા વરસની ઉજવણી બંધ રાખીએ જ ઠીક રહેશે. નાહક મિડિયાવાળાને મસાલો આપવાથી શો ફાયદો? કદાચ હાઈકમાંડ પણ આવું જ વલણ અખત્યાર કરશે. હું સતત ટીવી સામે જ બેઠો છું, ચારેક કલાકથી!

વાત ચાલુ હતી ત્યાં જ બ્રેકિંગ ન્યૂઝ ફ્લૅશ થયાઃ પાર્ટીએ નવા વરસની ઉજવણી બંધ રાખી છે. દેશની બહાદુર બેટીનો જીવ ન બચાવી શક્યો, એથી પક્ષ પ્રમુખ અત્યંત વ્યથિત છે. વળી એમણે અપીલ કરી છે કે દિવંગત આત્માને શાંતિ માટે પાર્ટીનાં તમામ એકમો પ્રાર્થનાસભા યોજે, એને અંજલી આપે અને ભવિષ્યમાં આવી ધૃણાસ્પદ ઘટના ન બને તે માટે પુરુષવર્ગની માનસિકતા બદલવા અંગે જરૂરી પગલાં ભરવાનું વિચારે. દેશભરમાં ખૂણે ખૂણે જાગી ઊઠેલો લોકજુવાળ એક રીતે દિવંગત દિકરીના બલિદાન પ્રત્યેની શ્રદ્ધાંજલી જ છે. એ દિવ્ય બાળાએ પોતે ઊંઘી જઈને આપણને જગાડ્યાં છે...

સરકાર તરફથી મરનાર યુવતીના પરિવારને માતબર રકમનું વળતર ચૂકવવા ઉપરાંત એ પરિવારની એક વ્યક્તિને નોકરી આપવાની પણ દરખાસ્ત કરવામાં આવી હતી. મેયર ટીવી પડદે ટીકી રહ્યા હતા અને ફોન પર સુજાતા સાથે ચીવટ પૂર્વક ગોઠવેલા શબ્દોમાં વાત ચાલુ હતી.

'આપણે બીજું તો શું કરી શકીએ? ઈશ્વર પણ એ બહાદુર બાળાને એના ચરણોમાં સ્થાન આપે, એવી અંતઃકરણની આરઝૂ રજૂ કરીને છૂટાં પડીશું. મીણબત્તીઓ મંગાવી લઉં છું...'

સુજાતાએ 'ભલે' કહી ફોન મૂકી દીધો. મેયર ચંદ્રકાન્ત પટેલને થોડું અપમાન જેવું પણ લાગ્યું. છતાં એ કડવો ઘૂંટડો ગળી જઈ એમણે સુજાતાનો ફોન ફરી જોડયોઃ કહું છું- સૉરી ટુ ડિસ્ટર્બ યુ આપણે કાર્યક્રમમાં 'વૈષ્ણવજન' ગવડાવીએ તો ઠીક રહેશે, ખરું?

સુજાતાએ જરૂર મોં મચકોડ્યું હશે, એટલું તો એ સમજી શકતા હતા. પરંતુ આખરે એને મહત્વ આપ્યા વગર ચાલે એવું પણ ક્યાં હતું? ડેપ્યુટી મેયર હતી. હતી શું, બનાવવી પડી હતી- ફરજિયાત.

'આપને ઠીક લાગે તે મુજબ કાર્યક્રમ ગોઠવો, ગાડી મોકલજો. હું સમયસર પહોંચી જઈશ, મારા ભાઈની સાથે ઓ.કે.?' ફરી પાછો એ જ અપમાનજનક વહેવાર. મેયર ઠંડા પડી ગયા. પણ મૅડમ, તમારે જ શ્રદ્ધાંજલીનો ઠરાવ મૂકવાનો છે. પ્રશ્ન જ મહિલાઓનો છે- તમે સમજો તો છો યાર.

'યાર' શબ્દ બોલતાં બોલાઈ તો ગયો, પણ પછી અંદર એવો જોરદાર ધક્કો વાગ્યો કે એ મૂંગા બની ગયા. નજર સામે પાંચ વર્ષ અગાઉનો એ પ્રસંગ તરવરી રહ્યો. પાર્ટીએ શહેર પ્રમુખ તરીકે એમની વરણી કરી હતી. સ્વાભાવિક રીતે જ એમને છૂપો સંકેત મળી ગયો હતોઃ સામા લોકો પાસેથી કોર્પોરેશન ખૂંચવી લો. તમારે જ મહેનત કરવાની છે અને એનાં ફળ પણ તમારે જ ખાવાનાં છે. પાર્ટીએ છૂટોદોર આપી દીધો હતો એટલે ચંદ્રકાંત પટેલને હવે ઉમેદવારો જાતે જ પસંદ કરવાના હતા. બધી ટિકિટો એમના ખિસ્સામાં હતીઃ ધારે એને ઑબ્લાઈજ કરી શકે! વળી, દેશ આખામાં એક ઍન્ટી ઈન્કમ્બન્સી વાવાઝોડું ફેલાઈ ગયું હતું, એટલે સત્તા તો આવવાની જ હતી.

'સુજાતા...' એમના હોઠ ફફડયા. શરીરમાં એક લખલખું ફરી વળ્યું. પાર્ટીએ ચંદ્રકાંત પટેલના નામનો મૅન્ડેટ તૈયાર કરીને એમને 'ડેપ્યુટી મેયર કોને બનાવવા માગો છો' એવી પૃચ્છા કરી હતા. બેઉ પદાધિકારીઓની ચૂંટણી એક સાથે યોજાવાની હોઈ શહેરપ્રમુખ જરા બધાં પાસાં વિચારીને એમના ડેપ્યુટીનું નામ સૂચવે એવી અપેક્ષા પણ રખાઈ હતી. ચંદ્રકાંત પટેલ સામે સિનિયર કાર્યકરોના ચહેરા તરવરી રહ્યા હતા. માલસિંહ રાજપૂત, દિવાકર પંડ્યા, યુસૂફખાન સૈયદ... પણ એમણે નામ સૂચવતી વેળાએ ભારે ચુપકીદી જાળવી હતી. હાઈકમાંડના નિરીક્ષક તરીકે ખાસ દિલ્હીથી પધારેલાં પાર્ટીનાં રાષ્ટ્રીય મહામંત્રી અનુરાધા મિશ્રાએ પાર્ટીના ચૂંટાયેલા નગરસેવકોની બેઠકમાં બંધ કવર ખોલ્યું ત્યારે ખાસ્સો ગણગણાટ પણ થયો હતો. મેયર તરીકે ચંદ્રકાંત પટેલનું નામ તો પહેલાંથી નક્કી હતું. પરંતુ ડેપ્યુટી મેયરના પદ માટે પહેલી જ વાર ચૂંટાયેલી સુજાતા પ્રિયદર્શીનું નામ સૂચવાયું એથી સિનિયર કૉર્પોરેટરો સ્વાભાવિક રીતે જ નારાજ થઈ ગયા હતા. જો કે પાર્ટીના આદેશ સામે બધા લાચાર હતા. અલબત્ત, બધાને છેતરાઈ ગયાનો અહેસાસ જરૂર થયો હતો. સુજાતાને વળી દિલ્હીમાં કોણ ઓળખતું હતું? અરે, ખુદ એના વૉર્ડ માટે એ એકદમ નવું નામ હતું. અનામત બેઠક હતી, એના દલિત સમાજમાં એ ભણેલી ગણેલી યુવતી હતી. એટલા જ પ્લસ પૉઈન્ટ પર એને ટીકિટ આપી દેવામાં આવી હતી. શું ફકત એટલા જ પ્લસ પૉઈન્ટ પર...?

'સર, હું એમ.એ. વિથ ઈકોનૉમિક્સ છું. સર્વિસ મળતી નથી, મને લાગે છે : સૉશિયલ સર્વિસ માટે જ કદાચ કુદરતે મને અત્યાર સુધી નવરી રાખી હોય તોય કોને ખબર! હું આપની ફૅન છું- પાર્ટી કરતાં 'પર્સન' તફ વફાદાર રહીશ એની ખાતરી આપું છું..' એણે મીઠું મલકીને એનો બાયોડેટા શહેર પ્રમુખના હાથમાં પકડાવી દીધો હતો. ઓચિંતા અને અણધાર્યા સ્પર્શથી પ્રોઢવયે પહોંચેલા ચંદ્રકાંત પટેલની સુકાયેલી રગોમાં વીજળી ફરી વળી હતી, અને પછી...

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# નૂતન વર્ષે ખુશખુશાલ રહેવાનાં પંદર રહસ્ય

શું તમારે ખુશ કહેવું છે? તો ખુશખુશાલ રહેવા માટેના આ પંદર રહસ્યો કે મૂળભૂત ઉપાયો જાણો - સમજો અને અજમાવો.

**(૧)** ખુશખુશાલ રહેવાનો નિર્ધાર કરો ખુશી વધારે મન સાથે જોડાયેલ છે તેથી મન મક્કમ કરી સદા સ્મિતસભર રહેવાનું નક્કી કરો. સ્મિત કરો તો સામે સ્મિત જ મળે છે, તે ચેપી છે. સસ્નેહ સ્મિત કરવાથી આંતરિક ખુશી અને બાહ્ય ખુશી બંને મળે છે. સ્વ વિકાસ માટે સ્વને - જાતને પ્રેમ કરો સાથોસાથ સહૃદયી - નિઃસ્વાર્થી બની સગાં - સંબધીઓ અને અન્યને પણ પ્રેમ કરો.

**(૨)** સૌને સ્નેહ કરો મહર્ષિ પતંજલીનું આ જીવન સૂત્ર અનુસરો : "શ્વાસે શ્વાસે સૌને સ્નેહ કરો અને ભૂલ થયે માફી માગો અને આપો." અહ્મને ઓગાળો. માનવમાત્ર પ્રેમને પાત્ર ગણો તો ઝઘડા નહિ થાય, સંઘર્ષ નહિ થાય. તાણ-તણાવથી બચાશે અને સદા સસ્મિત અને હાસ્યસભર રહેવાની સુટેવ પાડવાથી તમારૂં તન અન મન ખુશીથી ભરપૂર રહેશે. ખુદ ખુશ રહો અને ખુશી વહેંચો.

**(૩)** કરો કસરત રહો તંદુરસ્ત રોજ એકાદ કલાક મનગમતી કસરત કરો તો તન-મન સ્વસ્થ રહેશે. વ્યાયામનો કોઇ જ વિકલ્પ નથી.

**(૪)** મનોરંજન અને રીલેકસેશન એ એક અગત્યની જરૂરિયાત હોઇ તે માટે સમય અને બજેટ ફાળવો. તે જ રીતે સમયાંતરે પ્રવાસ - પર્યટનનું આયોજન કરો તથા બને તેટલું ગમતા લોકો સાથે હળવા - મળવાનું (Socialisation) વધુ રાખો.

**(૫)** મનગમતું કામ કરો અથવા જે તે કામને મનગમતું બનાવો. આનંદ આવે એવી પ્રવૃત્તિઓ કરવાથી થાક નથી લાગતો, સ્ફૂર્તિ અને ઉત્સાહ રહે છે. સમયસર આયોજન બધ્ધ કામ કરવાથી ઉતાવળમાં ભૂલો થતી અટકે છે, છેલ્લી ઘડીએ બેબાકળા બની કામ કરવાથી થતું ટેન્શન નીરાવાય છે.

**(૬)** ગાઢ નિંદ્રા માટે પૂરતો પરિશ્રમ કરો, માનસિક શાંતિ રાખો અને અમૃત આહાર લો. સારી ઊંઘથી થાક ઉતરી જાય છે. તન અને મનમાં ફરી જોમ આવે છે, સ્ફૂર્તિ સારી રહે છે.

**(૭)** ખાતા - પીતાં શીખો - વ્યસનમુક્ત રહો. જેવું અન્ન તેવું તન અને મન, તેથી અમૃત આહારની આ ફોર્મ્યુલા અનુસરો :

(અ) ૩૦ % લીલાં શાકભાજી ને સલાડ
(બ) ૫૦ % પ્રોટીનયુક્ત લોહતત્ત્વસભર રેસાવાળો આહાર અને
(ક) ૨૦ % ફળફળાદિ (રોજ બે-ત્રણ ફળ)

આ ત્રણેય સજીવ ખેતીથી ઉત્પાદિત હોય. સંશોધન અભ્યાસથી પણ સાબિત થયું છે કે લીલા શાકભાજી અને ફળ ખાનાર વ્યક્તિ બીજા કરતાં ૩૪ % વધુ ખુશ રહે છે.

**(૮)** હંમેસા મીઠી-મધુરી વાણી જ બોલો જે ખુશી લાવે છે. કડવી - કર્કશ વાણી કદીન બોલો જે ગમ લાવે છે. વધુમાં સારૂં સાંભળો, સારૂં જુઓ ને સારૂં જ કરો.

**(૯)** સારા મઝાના પ્રસંગો યાદ કરીને મનમાં ને મનમાં શ્રીકૃષ્ણની જેમ મરક મરક હસતા - મલકાતા રહેવાની ટેવ પાડો. દુઃખદ બીનાઓ ભૂલો, ભવિષ્યની ચિંતા છોડો, વર્તમાનની દરેક પળ આનંદથી માણો.

**(૧૦)** હંમેશા શુભ શુભ જ વિચારો, જેવું વિચારશો તેવું પામશો, વિવાદ નહિ પણ સ્નેહથી સંવાદ કરો.

**(૧૧)** જીવનચર્યા અને દિનચર્યા એવી ઘડો કે જેથી 'હંમેશા ખુશી મીલે ઔર કભી ન મિલે ગમ.' કદાચ ગમ આવી જાય તો પ્રાર્થના, ધ્યાન - પ્રાયાણામથી દુઃખમાં પણ સ્થિતપ્રજ્ઞ બની રહી ખુશ રહી શકશો. વધુમાં ગીતોનો ઉપદેશ અનુસરી ફળની આશા ન રાખી સાચા કર્મયોગી બનો અને સંતોષનું મહાસુખ માણો.

**(૧૨)** 'ઇશ્વરને ગમ્યું તે સાચું અને તે મને સ્વીકાર્ય'ની ફિલસૂફી જીવનમાં અપનાવો.

**(૧૩)** નિયમિત યોગાભ્યાસ કરી યોગ એટલે આત્માનું પરમાત્મા સાથે મિલનનો અનુભવ કરો તો તમે મનને જીતી પ્રસન્ન જીવન જીવી શકશો અને ખુશીને હરનાર તાણ-તણાવથી સદા દૂર જ રહેશો. મનને પરમ (આત્મા) સાથે જોડો તો બેડો પાર!

**(૧૪)** સદા હસ્તે રહો, હસાતે રહો, કોઈ ટીકા કરે તો મન પર ન લેતાં તેને હસી કાંઢો.

**(૧૫)** સમાજમાં જો બધા નાખુશ અને દુઃખી હોય તો આપણે એકલા ખુશ કેવી રીતે રહી શકીએ? માણસ સામાજિક પ્રાણી છે. બધાની ખુશીમાં જ આપણી ખુશી ચિરદાયી બની રહે છે. તેથી માનવમાત્રમાં રહેલ કરૂણાને સેવાભાવના જેવા માનવીય ઉમદા ગુણોને ઉજાગર કરો. બંને પક્ષે ખુશી આપનાર માનવસેવાને જીવનમંત્ર બનાવો તો 'જોય ઓફ ગીવીંગની અનહદ ખુશીનો તમને અહેસાસ થશે. આમ, 'સૌ રહે સુખી'ની સંકલ્પના-ઉચ્ચ ભાવના અનુસરવાની સમસ્ત સમાજ ખુશખુશાલ બની રહેશે.'

**- ડો. વિનુભાઇ મ. પટેલ, આરોગ્ય શિક્ષણ સલાહકાર**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**


### ૫મી જાન્યુઆરી

● ૭૯ વર્ષમાંથી ૬૦ વરસ દેશની મુક્તિ માટે અર્પણ કર્યા તે ક્રાંતિવીર બારીન્દ્ર ઘોષનો જન્મ-૧૮૮૦.



નારાયણી, બસુમતી, બીજલી પત્રોનું તંત્રીપદ સંભાળનારા આ મહાન ક્રાંતિકારીઆએ, ક્રાંતિકારી વિચારોનો ફેલાવો કર્યો.

● ૧૬૧૮ - મોગલ બાદશાહ જહાંગીર, નૂરજહાં અને પુત્ર શાહજહાં ત્રણ માસ માટે અમદાવાદ રહેવા પધાર્યા.



● ૧૭૭૧ - મશીન ટુલ્સ અને યંત્ર ઉદ્યોગના પિતા ડેવિડ વિલ્કીન્સનનો કેનેડામાં જન્મ.

● રમૂજી કાવ્યોના લેખક દેવકૃષ્ણ ચીતાંબર જોષીનો જન્મ ૧૮૯૨.